ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૨૯.૪ ડીગ્રી
લઘુતમ : ૧૧.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૬ ટકા ● સાંજે ૫૯ ટકા

# શહેરમાં ઠંડીના પગલે ગરમ વસ્ત્રોના બજારમાં ભીડ

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર શહેરમાં કાતિલ ઠંડીનું મોજુ ફરી વળ્યું છે. હાડ થીજાવતી ઠંડીમાં નગરજનો ઠંડીને પગલે ઘરમાં પુરાઈ રહે છે. શહેરમાં દિવસ દરમિયાન પણ ગરમ વસ્ત્રો પહેરેલા નગરજનો જોવા મળે છે. ત્યારે શહેરમાં ઠંડીના ચમકારાને પગલે ગરમ વસ્ત્રોનું બજાર પણ ગરમાયું છે. શહેરીજનો ટોપી, મફલર, જેકેટ, સ્વેટર, શાલ, હાથ-પગના મોજા, સહિતના ગરમ વસ્ત્રોની ખરીદી કરતા જોવા મળી રહ્યા છે.

ગાંધીનગર શહેરમાં ઠંડીનો ચમકારો વર્તાયો છે. સાંજ ઢળતા જ નગરજનો ઘરમાં પુરાઈ જાય છે. શહેર સાંજ ઢળતા જ સુમસામ બની જાય છે. ઠંડીના પગલે નગરજનો ઠેર ઠેર તાપણા કરીને બેઠેલા નજરે પડી રહ્યા છે. શહેર ઠંડુગાર બનતા નગરજનો પણ કાતિલ ઠંડીનો અનુભવ કરી રહ્યા છે. શહેરમાં દિવસે પણ ઠંડીનો વર્તારો રહેતા નાગરીકો ગરમ કપડા પહેરેલા જોવા મળે છે. શહેરમાં શિયાળાના પગલે ઠેરઠેર ગરમ કપડાના બજારો જોવા મળી રહ્યા છે. જેમાં માર્ગો પર પણ હવે વેપારીઓ જેકેટ તેમજ સ્વેટરના વેચાણ કરે છે. તો બીજી તરફ શહેરમાં સ્પેશીયલ ગરમ વસ્ત્રોના બજારમાં નાગરીકોની ભારે ભીડ જોવા મળી રહી છે. ઠંડીનું જોર વધતા નાગરીકો પરિવારના સભ્યો માટે સ્વેટર, ટોપી, મોજા, જેકેટ, સ્વેટર, શાલ, સહિતની ચીજવસ્તુઓની ખરીદી કરી રહ્યા છે. જયારે નાના બાળકો માટે પણ વિવિધ ગરમ કપડાની ખરીદી નગરજનો કરી રહ્યા છે. ત્યારે શહેરમાં ઠંડીના વધતા જોર ને પગલે નાગરીકો ગરમ કપડાની ખરીદીમાં લાગી ગયા છે. હજુ પણ વધુ ઠંડી નગરમાં પડી શકે તેમ છે. ત્યારે ઠંડીથી રક્ષણ મેળવવા માટે નગરજનો તાપણા તેમજ ગરમ વસ્ત્રોનો સહારો લઈ રહ્યા છે. ત્યારે શહેરના ગરમ વસ્ત્રોના બજારમાં નગરજનો ખરીદી માટે મોટી સંખ્યામાં ઉમટી પડ્યા છે.



# સે-૨૬ કિસાનનગરમાં વધુ એક ઘરફોડ

## પરિવાર મકાનને તાળુ મારીને લગ્ન પ્રસંગે હાજરી આપવા વતન ગયું ને તસ્કરો કળા કરી ગયા : રૂ. ૮૫ હજારની મત્તાની ચોરી

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૬ કિસાનનગર વિસ્તારમાં ફરી તસ્કર ટોળકી ત્રાટકી હતી. સચિવાલયમાં કરાર આધારીત એકાઉન્ટન્ટ તરીકે નોકરી કરતા કર્મચારી ગઈકાલે બપોરે તેમના મકાનને તાળું મારીને પરિવાર સાથે લગ્ન પ્રસંગે હાજરી આપવા વતન ગયા હતા. દરમ્યાન આજે સવારે પડોશીનો ફોન આવ્યો કે તેમના મકાનનું તાળું તુટેલું છે. વતનથી પરત આવીને ઘરમાં જોયું તો તસ્કરો તેમના મકાનના તાળા તોડીને કબાટમાંથી રૂ. ૪૦ હજારની કિંમતની સોનાની બુટ્ટીઓ તથા રોકડ રૂ.૪૫ હજાર સાફ કરીને ભાગી ગયા હતા. તેના બંધ મકાનમાં થયેલી ઘરફોડ ચોરી મામલે પોલીસને જાણ કરતાં સેક્ટર-૨૧ પોલીસે તમને ફરિયાદ લઈ ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરીને વધુ તપાસ આરંભી છે.

મળતી માહિતી મુજબ મૂળ રૂપાલ ગામના વતની સુહાસભાઈ બાબુભાઈ પટેલ તેમની પત્ની અને સંતાનો સાથે ગાંધીનગર શહેરના સેક્ટર-૨૬ ખાતે આવેલી કિસાનનગર સોસાયટીમાં પ્લોટ નં.૫૫૪/૨ ખાતે રહે છે અને ગાંધીનગર સચિવાલય ખાતે બ્લોક નંબર-૧૬ માં ઈગ્રામ વિશ્વગ્રામ સોસાયટી કાર્યાલયમાં કરાર આધારીત એકાઉન્ટન્ટ તરીકે ફરજ બજાવે છે. ગઈકાલે બપોરે બે વાગ્યાના અરસામાં સુહાસભાઈ પટેલ તેમના મકાનને તાળું મારીને પરિવાર સાથે વતનમાં લગ્ન પ્રસંગે હાજરી આપવા ગયા હતા. તે દરમિયાન આજે સવારે ૯ વાગ્યાના અરસામાં તેમના પડોશીનો ફોન સુહાસભાઈ ઉપર આવ્યો હતો અને કહ્યું હતું કે તેમના બંધ મકાનના દરવાજાનો નકુચો તુટેલી હાલતમાં છે. આ વાત સાંભળીને સુહાસભાઈ ચોંકી ગયા હતા અને તાત્કાલિક પોતાના ઘરે આવી પહોંચ્યા હતા. ઘરે આવીને જોયું તો ખબર પડી કે તેમના મકાનના મુખ્ય દરવાજાનો નકુચો તૂટેલી હાલતમાં હતો અને અંદર કબાટના દરવાજાનુ લોક પણ તૂટેલું હતું અને સામાન વેર વિખેર પડયો હતો. ગઈકાલ બપોરથી આજે વહેલી સવાર સુધી ના સમયગાળા દરમિયાન તેમના બંધ મકાનને ટાર્ગેટ કરીને તસ્કરોએ હાથફેરો કરી દીધો હતો. તેમના મકાનમાંથી રોકડ રૂ. ૪૫ હજાર તથા સોનાની ત્રણ બુટ્ટી મળી કુલ રૂ. ૮૫ હજારની મત્તાની ચોરી કરી તસ્કરો રફુચક્કર થઈ ગયા હતા. સુહાસભાઈએ આ મામલે પોલીસ ફરિયાદ આપતા સે-૨૧ પોલીસે ગુનો દાખલ કરીને ઘટનાની તપાસ શરૂ કરી છે.

સરકારી વિનયન કોલેજ, સેક્ટર-૧૫, ગાંધીનગરના ખાતે Namo e-tab યોજના અંતર્ગત ટેબલેટ




વિતરણ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. જેમાં પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતાં ૫૧૨ વિદ્યાર્થીઓને ટોકન ફી ૧૦૦૦ લઈને ટેબલેટ આપવામાં આવ્યા હતા. કોલેજના આચાર્ય ડૉ.હિમ્મત ભાલોડીયા દ્વારા શિક્ષણમાં ટેબલેટનો ઉપયોગ કઈ રીતે કરી શકાય તે અંગે માહિતી આપવામાં આવી હતી. નોડલ ઓફિસર મહેશ નંદાણિયા અને પ્રો.મયારામ પટેલ દ્વારા કાર્યક્રમનું આયોજન અને વિદ્યાર્થીઓને સરળતાથી ટેબલેટ મળી રહે તે માટે અધ્યાપકો દ્વારા મેહનત કરવામાં આવી હતી.

# ચિલોડા ખાતે પ્રાથમિક અને માધ્યમિક ચિત્રકામ પરીક્ષા યોજાઈ



તાલુકાના ચિલોડા સ્થિત પ્રાથમિક શાળા ખાતે રાજય પરીક્ષા બોર્ડ દ્વારા યોજાતી પ્રાથમિક અને માધ્યમિક ચિત્રકામ પરીક્ષા ૨૦૧૮માં ચિલોડા પ્રે સેન્ટરની ચિલોડા, મોગોડી, ઈસનપુરમોટા, મગોડી, રતનપુરલાટની પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા બાળકોએ અનુક્રમે પ્રાથમિક ચિત્રકામ પરીક્ષામાં ચિલોડા-૨૬, ઈસનપુરમોટા-૬, મગોડી-૮, રતનપુરલાટ-૨ તથા માધ્યમિક ચિત્રકામ પરીક્ષામાં ચિલોડા-૧૬, ઈસનપુરમોટા-૩, ઓમલેન્ડમાર્ક સ્કુલ-૨ એમ કુલ ૬૩ વિદ્યાર્થીઓએ પરીક્ષા ઉત્સાહપૂર્વક આપી હતી.

# સીટીસ્કેનની સેવા શરુ થતા દર્દીઓને અમદાવાદ રીફર કરવાની સંખ્યામાં ઘટાડો

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં છેલ્લા પાંચ વર્ષથી સીટી સ્કેન મશીન બંધ હાલતમાં હતું. જેથી સીટીસ્કેનની સેવા બંધ હોવાથી દર્દીઓને ના છુટકે ખાનગી અથવા અમદાવાદ હોસ્પિટલ સીટી સ્કેન માટે જવુ પડતું હતું. ત્યારે ગાંધીનગર સિવિલમાં સીટીસ્કેન મશીન કાર્યરત થઈ જતા અમદાવાદ દર્દીઓને રીફર કરવાની સંખ્યામાં ઘટાડો થયો છે.

પાટનગરની મેડીકલ કોલેજ બનતા સિવિલમાં આરોગ્યલક્ષી સુવિધામાં વધારો થવા પામ્યો છે. સિવિલમાં વિવિધ રોગના હજારો દર્દીઓ રોજ સારવાર માટે આવે છે. ત્યારે પાંચ માળની ઓપીડી અને તાત્કાલીક વિભાગ દર્દીઓથી ધમધમતો રહે છે. તાવથી માંડીને હિમોડાયાલિસીસની સારવાર થાય છે. પાંચ વર્ષથી સીટીસ્કેન મશીન બંધ રહેતા દર્દીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડતો હતો. દર્દીઓને હજારો રૂપીયા ખર્ચ કરીને બહાર ટેસ્ટ કરાવવાની ફરજ પડતી હતી. જયારે ગાંધીનગર સિવિલમાં આવતા અકસ્માતમાં ગંભીર ઈજા પામેલા દર્દીઓનો રીફર કરવામાં આવતા હતા. પરંતુ તાજેતરમાં આરોગ્ય વિભાગ દ્વારા કરોડો રૂપીયાનું સીટીસ્કેન મશીન આવી જતા દર્દીઓ માટે આશિર્વાદ રૂપ સાબિત થયું છે. સીટીસ્કેન મશીન ઓપરેટ કરવા માટે ખાસ સ્ટાફની ભરતી કરવામાં આવી છે. હવે ગાંધીનગર સિવિલમાં માત્ર એક હજારમાં સીટીસ્કેન થાય છે. જયારે સીટીસ્કેન મશીન કાર્યરત રહેતા અમદાવાદ દર્દીઓને રીફર કરવાની સંખ્યામાં પણ ઘટાડો થવા પામ્યો છે. જયારે સીટીસ્કેન શરુ થયાનો ગણતરીના દિવસો થયા છે તેમ છતા ૩૦ થી વધુ દર્દીઓને લાભ મળ્યો છે. ત્યારે ગાંધીનગર જિલ્લાના નાગરીકો માટે સીટીસ્કેન મશીન આશિર્વાદરૂપ બની રહેશે.

# અરિહંત ફાર્મસી કોલેજ દ્વારા રજીસ્ટર્ડ ફાર્માસિસ્ટ માટેના રીફ્રેશર કોર્ષનું સમાપન




ગાંધીનગર, તા.૧૦

ગુજરાતની પ્રતિષ્ઠિત એવી અરિહંત સ્કૂલ ઓફ ફાર્મસી એન્ડ બાયોરીસર્ચ ઈન્સ્ટીટ્યુટમાં ગુજરાત રાજ્યની ફાર્મસી કાઉન્સીલ દ્વારા સ્પોન્સર્ડ રજીસ્ટર્ડ ફાર્માસિસ્ટ માટેના રીફ્રેશર કોર્ષનું તારીખ ૮-૯ ડીસેમ્બર ૨૦૧૮ દરમિયાન આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતભરમાંથી ૧૯૦થી વધારે ફાર્માસિસ્ટે ભાગ લીધો હતો. આ કાર્યક્રમના ઉદઘાટન સમારોહમાં મુખ્ય મહેમાન તરીકે ડો. સી. એન. પટેલ (ડીન, ફાર્મસી વિદ્યાશાખા, ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સીટી) અને પ્રમુખ તરીકે મોન્ટુભાઈ પટેલ (પ્રમુખ, ફાર્મસી કાઉન્સીલ, ગુજરાત રાજ્ય)એ હાજર રહીને કાર્યક્રમની શોભામાં અભિવૃદ્ધિ કરી હતી. કાર્યક્રમના પૂર્ણાહુતી સમારોહમાં મુખ્ય મહેમાન તરીકે ડો. રાગીન શાહ (ડીરેક્ટર જર્નલ, સ્વર્ણિમ સ્ટાર્ટ અપ એન્ડ ઈનોવેશન યુનિવર્સીટી, ભોયણ, ગાંધીનગર) અને પ્રમુખ તરીકે ગીલ્બર્ટ મેકવાન (રજીસ્ટ્રાર, ફાર્મસી કાઉન્સીલ, ગુજરાત રાજ્ય)એ હાજર રહીને કાર્યક્રમની શોભામાં અભિવૃદ્ધિ કરી હતી. બે દિવસના આ રીફ્રેશર કોર્ષમાં ફાર્મસી સાથે સંકળાયેલ તજજ્ઞોએ રસપ્રદ વ્યાખ્યાનો આપીને સૌને પ્રભાવિત કર્યા હતા. સમગ્ર કોર્ષનું સફળ સંચાલન સંસ્થાના ઈન્ચાર્જ પ્રિન્સીપાલ- હિરેન કડીકર, કોર્ડીનેટર- ડો. જીતેન્દ્ર પટેલ અને કો-કોર્ડીનેટર- રોનક પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

# કોબા પાસે વૃદ્ધ વેપારીની ગોળી મારીને હત્યા

## પ્રેક્ષા ભારતી નજીક સાનિધ્ય પ્લોટ્સમાં લોખંડ અને કપચીનો વેપાર કરતા ૭૫ વર્ષીય વૃદ્ધ વેપારીની કરપીણ હત્યાથી ચકચાર : હત્યા પાછળનું રહસ્ય અકબંધ : પોલીસ દિશાવિહીન

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર નજીક આવેલા કોબા ખાતે રૂપાવટી પાર્ક સોસાયટીમાં રહેતા ૭૫ વર્ષીય વૃદ્ધ વેપારી પોતાનો લોખંડ અને કપચીનો વેપાર પ્રેક્ષા ભારતી નજીક આવેલી સાનિધ્ય નામની ખુલ્લા પ્લોટની સ્કીમમાં એક ઓરડી બનાવીને તેમાં કરતા હતા. વૃદ્ધ વેપારી સવારે તેમના ધંધાના સ્થળે પ્લાસ્ટિકની ખુરશીઓ પર બેઠા હતા ત્યારે કોઈ અજાણ્યો શખ્સ ત્યા પહોંચી ગયો હતો અને કોઈ કારણસર આ વૃદ્ધ વેપારીને પાછળથી ટાર્ગેટ કરીને કોઈ હથિયાર વડે ફાયરીંગ કરી વેપારીની હત્યા કરી નાખી હતી. વૃદ્ધ વેપારીનું ગોળી વાગવાથી સ્થળ પર જ કમકમાટીભર્યુ મૃત્યુ નીપજયું હતું. આ મામલે ઈન્ફોસિટી પોલીસે અજાણ્યા શખ્સો સામે હત્યાનો ગુનો દાખલ કરીને વધુ તપાસ હાથ ધરી છે જો કે પોલીસ અત્યારે તદ્દન દિશાવિહીન છે. હત્યારાએ કોઈ જ નિશાન છોડ્યા નથી. તે ઉપરાંત હત્યા કયા કારણથી થઈ તેપણ સ્પષ્ટ થઈ શક્યું નથી. પોલીસે ફોરેન્સિક સાયન્સના સાયન્ટિફિક ઓફિસરની મદદ લઈ વૈજ્ઞાનિક ઢબે ગુનાની તપાસ આરંભી છે.

મળતી માહિતી મુજબ ગાંધીનગર નજીક આવેલા કોબા ગામમાં રૂપાવટી પાર્ક સોસાયટીમાં રહેતા ૭૫ વર્ષીય વૃદ્ધ વેપારી કેશવલાલ દ્વારકાદાસ પટેલ દસ વર્ષથી આ મકાનમાં તેમના પત્ની સાથે રહેતા હતા અને તેમના સંતાનો પૈકી એક દીકરો વિદેશમાં રહે છે જયારે બીજો દીકરો અમદાવાદ રહે છે. કેશવલાલના અમદાવાદ ખાતે રહેતા દીકરાના એક મિત્રની કોબા પેક્ષા ભારતી નજીક સાનિધ્ય નામની ખુલ્લા પ્લોટની સ્કીમ છે. આ સ્કીમમાં એક પ્લોટ પર ઓરડી બાંધીને કેશવલાલ ઘણા સમયથી લોખંડ અને કપચીનો વેપાર કરતા હતા. આ પ્લોટની જગ્યા અવાવરૂ છે. કેશવલાલ દરરોજ મુજબ સવારે સાત વાગે આ સ્થળે વેપાર અર્થે આવતા હતા અને બપોરે ઘરે જમવા જતા હતા અને પાછા આ સ્થળે આવી જતા હતા. ગઈકાલે સવારે સાત વાગ્યે નિત્યક્રમ મુજબ તેઓ સાનિધ્ય પ્લોટમાં આવી ગયા હતા અને પ્લાસ્ટીકની ખુરશી ઓરડી પાસે ગોઠવીને શાંતિથી બેઠા હતા. આઠેક વાગ્યાના અરસામાં કોઈ બિલ્લી પગે તેમના આ સ્થળે આવી પહોંચ્યું અને પાછળથી વૃદ્ધ વેપારી કેશવલાલને કોઈ હથિયાર વડે ગોળી મારી દીધી હતી. આ ફાયરિંગ થતાં કેશવલાલના ગરદનથી થોડા ઉપરના ભાગને વિંધિને ગોળી આંખ નજીકથી બહાર નીકળી ગઈ હતી અને સામેની દીવાલને અથડાઈને પડી હતી. ફાયરિંગ કરીને કેશવલાલની હત્યા કરી કોણ ફરાર થઈ ગયું તે હજુ સુધી રહસ્યમય બાબત છે. સાડા આઠ વાગ્યાના અરસામાં એક વેપારી ત્યાંથી પસાર થતા તેમણે ખુરશીમાં લોહીલુહાણ હાલતમાં પડેલો વૃદ્ધનો મૃતદેહ જોઈ પોલીસને અને વૃદ્ધ કેશવલાલના પરિવારજનોને જાણ કરી બોલાવી લીધા હતા. ઈન્ફોસિટી પોલીસ મથકના પી.આઈ કે કે દેસાઈ તેમની ટીમ સાથે ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને મૃતદેહ પોસ્ટમોર્ટમ કરાવી એફ.એસ.એલ ની ટીમ બોલાવી મૃતક વૃદ્ધના દીકરા મહેન્દ્રકુમારની ફરિયાદના આધારે હત્યાનો ગુનો દાખલ કરી ઘટનાની બારીકાઈથી તપાસ શરૂ કરી છે. આ ઘટનાની વૈજ્ઞાનિક ઢબે તપાસ માટે સાયન્ટિફિક ઓફિસર જી.પી દરબાર ઘટના સ્થળે આવી પહોંચ્યા હતા અને સ્થળ પરથી બુલેટ, લોહીના સેમ્પલ તથા ફાયરિંગ બાદ વેપારીના માથાને વીંધીને નીકળેલી બુલેટ જે દિવાલ અથડાઈ હતી તે દિવાલ પરનુ હીટ માર્કનું પ્લાસ્ટરનુ સેમ્પલ કબજે લઈ બારીકાઈથી તપાસ હાથ ધરી છે. પ્રાથમિક તબક્કે આ હત્યામાં સ્ટાન્ડર્ડ વેપન વપરાયું હોય તેવી શક્યતા છે.



# ગાંધીનગરમાં ''આંજણા અનામત'' દસ્તાવેજી ગ્રંથનું વિમોચન






ગાંધીનગર, તા.૧૦

ગાંધીનરમાં શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ, ગાંધીનગર ખાતે આંજણા ચૌધરી સમાજ સહિત કૂલ ૩૬ જ્ઞાતિઓને જુલાઈ-૧૯૯૪માં ઓબીસી અનામતનો સમાવેશના ૨૫ વર્ષ નિમિત્તે ''આંજણા અનામત'' પુસ્તકના દસ્તાવેજી ગ્રંથનું વિમોચન જાણીતા લેખક અને પત્રકાર ડો. હરિ દેસાઈના હસ્તે કરવામાં આવ્યું હતું.

અખિલ ભારતીય આંજણા સમાજ મહાસભાના પ્રમુખશ્રી વીરજીભાઈ જુડાલના અધ્યક્ષસ્થાને યોજાયેલ સમારોહમાં રાજયભરના વિશાળ સંખ્યામાં ભાઈ-બહેનો સ્વયંભૂ હાજરી આપી ઓબીસીમાં સમાવેશ કરવામાં મહત્વની ભૂમિકા ભજવી નોંધપાત્ર યોગદાન આપનાર સમાજના શ્રેષ્ઠીઓને યાદ કરી સમાજના અગ્રણી અને ઉદ્યોગપતિ શ્રી હરિભાઈ વી. ચૌધરીનું સન્માન કરી ચૌધરી સમાજે ઋણ સ્વીકાર કર્યો હતો.

વરિષ્ઠ લેખક ડો. હરિ દેસાઈએ જણાવ્યું હતું કે, ચૌધરી સમાજે સકારાત્મક દ્રષ્ટિકોણથી વિચારી નબળાઈઓ દૂર કરી સેવા, સંગઠન અને સમર્પણની ભાવનાથી એકતા જાળવવાની જરૂર છે. તેમણે સમાજને જાગૃતિ બક્ષી જગાડવાનું કામ કર્યું છે. તેમને માનદ્ ડોક્ટરેટની પદવી મળે તેવું સૂચન કર્યું હતું.

અખિલ ભારતીય આંજણા સમાજ મહાસમાજના પ્રમુખશ્રી વીરજીભાઈ જુડાલે જણાવ્યું હતું કે, શેઠશ્રી હરિભાઈ ચૌધરી સમાજ માટે ચાણક્ય પુરવાર થયા છે. ભાવિ પેઢી ઉજાગર થાય તે માટે આ પુસ્તક એક દસ્તાવેજ સમાન છે.

શેઠશ્રી હરિભાઈ વી. ચૌધરીએ સમાજનો ઋણ સ્વિકાર કરી જણાવ્યું હતુ કે, આંજણા સમાજનો અનામતમાં સમાવેશ કરવામાં મહત્વનું યોગદાન આપનાર સ્વ. શ્રી મોહનભાઈ દેસાઈ, જજને આ આંજણા અનામત ગ્રંથ અર્પણ કર્યો હતો. માતૃશ્રી જોઈતીબા કોલેજ સંકુલ ખાતે નવીન હોલનું ઉદઘાટન સંસ્થાના સ્થાપક સ્વ. શેઠશ્રી જીવણભાઈ ચૌધરીના ધર્મપત્ની હેમલત્તાબેન ચૌધરીના હસ્તે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું આયોજન શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ, ગાંધીનગર અને અનામત સંપાદક સમિતિએ કર્યું હતું. સ્વાગત પ્રવચન સંસ્થાના ઉપ પ્રમુખ શ્રી શંકરભાઈ ચૌધરી(વકીલ)એ કર્યું હતું. આ પ્રસંગે વિશાળ સંખ્યામાં આંજણા ચૌધરી સમાજના ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતાં.

# આંતરરાષ્ટ્રિય માનવ અધિકાર દિવસ' નિમિત્તે બ્રહ્માકુમારીઝ ખાતે યોજાયો વિશેષ સેમિનાર

ગાંધીનગર, તા.૧૦

'માનવ અધિકાર દિવસ નિમિત્તે વૈશ્વિક માનવ અધિકાર અને અપરાધ વિરોધ સંગઠન, ગુજરાત યુનીટ, ગાંધીનગર દ્વારા પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય, સેકટર-૨૮, ગાંધીનગરના 'પીસપાર્ક' ખાતે આજરોજ સવારે ૧૧.૦૦થી બપોરે ૧.૩૦ દરમિયાન એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.




આ સેમિનારમાં મુખ્ય અતિથિ પદે શંભુજી ઠાકોર-એમએલએ ગાંધીનગર-દક્ષિણ તથા ઈન્ટરનેશનલ હ્યુમન રાઈટ્સ એન્ડ એન્ટીક્રાઈમ ઓર્ગેનાઈઝેશન ભારતના ચેરમેન રમેશ શાહ, નેશનલ ટીમમાં જોડાયેલ અલગ–અલગ રાજ્યો તથા ગુજરાત રાજ્યના અલગ-અલગ જિલ્લામાંથી ૭૦ જેટલાં પદાધિકારીઓ સેમિનારમાં ઉપસ્થિત રહ્યા હતા.

પરમાત્માની યાદ સાથે શરુ થયેલ સેમિનારમાં ઉપસ્થિત મહેમાનોનું બ્રહ્માકુમારી બહેનો દ્વારા પુષ્પગુચ્છ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. મંચના મહેમાનો દ્વારા દિપ પ્રજવલન કરી સેમિનારનું ઉદઘાટન કરાયું હતું. સ્ટેટ પ્રેસિડેન્ટ – ગુજરાત જયશ્રીબેન બાબરીયાએ સૌનો પરિચય આપ્યો હતો તથા બ્રહ્માકુમારીઝ સેકટર-૩૦ ગાંધીનગરના સંચાલિકા બી.કે.કૃપલબેને બ્રહ્માકુમારી સંસ્થાથી સૌને અવગત કરાવ્યા હતા. શંભુજી ઠાકોરે મુખ્ય અતિથિ પદે પોતાનુ વકતવ્ય આપ્યું હતું અંતમાં સૌએ પોતાની જગ્યાએ ઉભા થઈ અદબ સાથે રાષ્ટ્રગાન ગાયું હતું. અંતમાં રાજયોગિની કૈલાશ દીદીજી એ સૌને ઈશ્વરીય આશીર્વાદથી નવાજી સૌ મહેમાનોને ભેટ આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન બ્રહ્માકુમારીઝ ચિલોડા સેવાકેન્દ્ર સંચાલિકા બી.કે.તારાબેને ખૂબ જ સુંદર રીતે કર્યું હતું.